ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગ્રામીણ ગુજરાત અને 'શૌચ'ની સોચ : નક્કર પગલા જરૂરી

## ગ્રામીણ ગુજરાતના દર દસે છ પરિવારોની ખુલ્લામાં 'શૌચ'




સેન્સસ ૨૦૧૧ અંતર્ગત મેળવવામાં આવેલી માહિતીના આધારે નિયામકશ્રી સેન્સસ ઓપરેશન્સ, ગુજરાત દ્વારા ગુજરાત શ્રૃંખલા ૨૫ તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તકમાંની વિવિધ માહિતીઓનું આ કોલમમાં વિશ્લેષણ કરીને સેન્સસ આંકડાઓને જનસામાન્યની સ્થિતિના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે. આ પૈકી 'શૌચાલય સુવિધાઓના સંદર્ભમાં ગાંધીનગર ગુજરાતની માહિતી' આપણે વિશ્લેષણ સાથે સમજીશું.

ગુજરાત શ્રૃંખલા ૨૫માં જ-૮ શૌચાલયની સુવિધાના પ્રકારની ઉપલબ્ધતા હેઠળ દર્શાવવામાં આવેલી માહિતી કોષ્ટકમાં સ્પષ્ટતા કરતા નોંધવામાં આવ્યું છે કે, 'આ કોષ્ટકમાં ઘર-પરિસરમાં વિવિધ શૌચાલયો અનુસાર પરિવારોનું વિતરણ દર્શાવવામાં આવ્યું છે. પરિસરનો અર્થ આપતા સમજાવ્યું છે કે પરિસરનો અર્થ એની સાથે જોડાયેલા ભવન-મકાન સાથે છે. મકાનમાં હંમેશા પરિસરની દિવાલ કે ફેન્સિંગ હોતી નથી. એવી સ્થિતિમાં ભૂમિ અથવા સંયુક્ત ગમે તે રીતનું હોય એને પરિસર તરીકે સ્વીકારીને માહિતી એકત્ર કરવામાં આવી છે. આટલી સ્પષ્ટતા સાથે આપણે આંકડાઓના આધારે 'શૌચાલય-સંડાસ'ની સિવિધા અંગે વિગતો જોઈએ.

ગુજરાતના ૧ કરોડ ૨૧ લાખ પરિવારો પૈકી ૪૯ લાખ ૨૨ હજાર પરિવારો પાસે પરિસરમાં શૌચાલયની વ્યવસ્થા નહીં હોઈ 'ખુલ્લામાં શૌચ' કરવો પડે છે. રાજ્યના કુલ પરિવારો પૈકી ૪૦ ટકા કરતા વધુ પરિવારોની સવાર ખુલી શૌચ સાથે થાય છે. ગુજરાતને ગ્રામીણ અને શહેરી સંદર્ભમાં જોઈએ તો ગ્રામીણ ગુજરાતના ૪૪ લાખ ૪૯ હજારથી વધુ પરિવારોને ખુલ્લામાં શૌચ કરવી પડે છે જેની ટકાવારી ૩૬ ટકા છે જ્યારે શહેરી ગુજરાતમાં ૪ લાખ ૭૩ હજાર પરિવારોને ખુલ્લામાં શૌચ અર્થે જવું પડે છે, જેની ટકાવારી સાડા ચાર ટકા જેટલી છે. આંકડા દર્શાવે છે કે સેન્સસ-૨૦૧૧ની સ્થિતિએ શહેરી ગુજરાત કરતા ગ્રામીણ ગુજરાતમાં પરિસર સાથે જોડાયેલા શૌચાલય કે સાર્વજનિક શૌચાલયની સ્થિતિ અત્યંત ખરાબ છે. યાદ રહે કે ગુજરાતના કુલ પરિવારોમાં જો કાચી ધારણા મુજબ આપણે મહિલાઓની સંખ્યા જોઈએ તો ગ્રામીણ ગુજરાતના અડધો અડધ પરિવારની મહિલાઓને પણ અન્ય પુરુષ સદસ્યોની માફક ઘરની બહાર જ શૌચ ક્રિયા માટે જવું પડે છે. ગ્રામીણ ગુજરાતના ૬૭ લાખ ૬૫ હજાર પરિવારમાંથી ૪૪ લાખ ૪૯ હજાર પરિવાર સદસ્યોએ અન્ય કોઈ વ્યવસ્થા ન હોવાથી કુદરતી હાજત માટે ખુલ્લા આકાશ નીચે જવું પડે છે. આંકડા અનુસાર એમ કહી શકાય કે ગ્રામીણ ગુજરાતના દર દસ પરિવારે સાડા છ પરિવારોની સ્થિતિ ખુલ્લામાં શૌચ સાથે જોડાયેલી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ખુલ્લામાં શૌચ મુક્ત ભારત બનાવવા તરફના સંનિષ્ઠ પ્રયાસો જોતા સારી દિશાનું સમૃદ્ધ ભારત તરફનું પગલું છે. ખુલ્લામાં શૌચ મુક્ત ભારતના પ્રયાસોમાં સરકાર જ નહીં ભારતના નાગરિક તરીકે દરેક ભારતીયએ આપદ ધર્મ નિભાવવાની આવશ્યકતા છે. તો જ આપણે સાચો સામાજિક વિકાસ પામી શકીશું. આગામી લેખમાં આપણે ગાંધીનગરની આ સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા જોઈશું.



શહીદોની સ્મૃતિમાં વૃક્ષારોપણ - કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓના હુમલામાં જાન ગુમાવનાર ૪૦ સીઆરપીએફના જવાનોની સ્મૃતિમાં નવા ગાંધીનગર વિસ્તારમાં સેન્ટ્રલ વર્જની અંદર વૃક્ષારોપણ કરી તેમની યાદ કાયમી રાખવા નવતર અભિગમ પાટનગરવાસીઓએ અપનાવ્યો છે... નવા ગાંધીનગરમાં નવો વિચાર અને વૃક્ષારોપણે આગવું આકર્ષણ નગરમાં જમાવ્યું છે... દરેક વૃક્ષને ટ્રી-ગાર્ડથી રક્ષિત કરી દરેક વીરજવાનોના નામ પણ આ ટ્રી-ગાર્ડ પર લગડાવમાં આવ્યા છે... શહીદોની સ્મૃતિમાં આ શહીદવન એ આગામી દિવસોમાં રીંગરોડની શોભા વધારશે.

# પ્રિયંકા ગાંધીની ૨૮મીએ અડાલજ ખાતે જન સંકલ્પ સભા

## આજ દિવસે નરેન્દ્ર મોદી જિલ્લાના કાર્યકરોને વિડીયો કોન્ફરન્સથી સંબોધશે : બન્ને પક્ષના કાર્યકરો કાર્યક્રમોના આયોજનમાં વ્યસ્ત થતાં જિલ્લામાં રાજકીય ઉત્તેજનાનો માહોલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૮મીએ પ્રિયંકા ગાંધીની જાહેરસભા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિડીયો કોન્ફરન્સથી કાર્યકરો સાથે યોજાયેલ સંવાદ કાર્યક્રમને લઈ ભારે રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.

૨૮મીએ અડાલજ ત્રિમંદિર ખાતે પ્રિયંકા ગાંધીની પ્રથમ જનસંકલ્પ સભાનું આયોજન કરાયુ છે. એ.આઈ.સી.સી.ની વર્કીંગ કમિટીની બેઠકમાં પ્રિયંકા ગાંધી હાજરી આપવા આવી રહ્યા છે ત્યારે આ પ્રથમ જનસંકલ્પ સભા યોજી જાહેરજીવનમાં પદાર્પણ કરશે.

તેમની આ જન સંકલ્પસભાને લઈ તડામાર તૈયારીઓ કોંગ્રેસ પક્ષ દ્વારા આરંભી દેવામાં આવી છે.

બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશભરના કાર્યકરો સાથે સંવાદ કાર્યક્રમ વિડીયો કોન્ફરન્સ થકી કરવાના છે. આ સંવાદ કાર્યક્રમને લઈ ભાજપે પણ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સંવાદ કાર્યક્રમમાં કાર્યકરો શુભેચ્છકો અને પક્ષના શુભચિંતકો ઉપસ્થિત રહેનાર છે. ''મેરા બુથ સબસે મજબુત'' વિષયને લઈ આ સંવાદ કાર્યક્રમ થનાર છે. હાલ ભાજપ દ્વારા વિસ્તારક યોજના અંતર્ગત વિવિધ વોર્ડમાં વિવિધ લોકસંપર્ક અભિયાનો ચાલી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કિસાન સન્માન નિધિ કાર્યક્રમમાં જ વિજળી વેરણ થતાં ખેડૂતો નારાજ

## ૧૫ મિનિટ બાદ વીજપુરવઠો પુનઃ પ્રસ્થાપિત થયો પણ મનકી બાતનું પ્રવચન પુરું થઈ ગયું હતું : પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી હાજર રહી શક્યા નહિ

ગાંધીનગર, તા. ૨૪

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના આરંભ માટે આજે દહેગામ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વીજળી વેરણ થતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપી જવા પામી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મન કી બાતનું પ્રવચન કરી રહ્યા હતા તે દરમિયાન જ વિજળી વેરણ થતાં ખેડૂતો અને કાર્યકરો તેમનું આ પ્રવચન સાંભળી શકયા ન હતા. જો કે ૧૫ મિનિટ બાદ વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થઈ ગયો હતો પણ ચાલુ કાર્યક્રમે વીજળી વેરણ થતાં અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી અન્ય પૂર્વ નિર્ધારિત રોકાણને કારણે હાજર ન રહેતાં પણ કાર્યકરોમાં નિરાશા જોવા મળી હતી. તો વીજળી ખોરવતાં કાર્યકરોમાં નિરાશાની લાગણી વધુ ઘેરી બનેલી જોવા મળી હતી તેમજ જિલ્લા ભાજપની જુથબંધીથી નારાજ થઈ પ્રદેશ પ્રમુખ આવ્યા ન હોવાની વાતોનો ગણગણાટ કાર્યકરોમાં સાંભળવા મળ્યો હતો.

ગાંધીનગર જિલ્લો લોકસભાની ત્રણ બેઠકમાં વિભાજીત થતો હોવાથી અહીં સંગઠ્ઠન અને કાર્યક્રમોની સીધી જવાબદારી પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ જાતે સ્વીકારી છે. તેઓ દહેગામના આજના કાર્યક્રમ ઉપરાંત સોમવારે સુજલામ સુફલામ યોજના અંતર્ગત કલોલ તાલુકાના પાનસર ખાતે હાજરી આપવાના છે.

દહેગામના આજના કાર્યક્રમમાં કાર્યક્રમ સંપન્ન થતાં જ ચારથી પાંચ ખેડૂતોને બેંકના ખાતામાં તેમનો પ્રથમ હપ્તો જમા થયાના મેસેજ આવતાં ઉપસ્થિત ખેડૂતોએ પ્રસન્નતા વ્યકત કરી અને આ હપ્તાની રકમ આગામી ઉનાળુ સિઝનના વાવેતર માટે ખુબ મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું.

# શહેરમાં ઠંડી-ગરમીના અહેસાસ વચ્ચે બેવડી ઋતુની અસર

## દિવસે ગરમી અને રાત્રે ઠંડી મોસમનો વિચિત્ર મિજાજ : લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિગ્રી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ફરી ઉપર ચઢી રહ્યો છે. ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૦.૪ ડિગ્રી ગગડયુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ૧૩.૮ ડિગ્રીએ પહોંચ્યો હતો. જયારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન યથાવત રહ્યુ હતુ. અલબત્ત ગરમીનો પારો ૩૧.૬ ડિગ્રી રહેતા નગરજનોએ ગુલાબી ઠંડી વચ્ચે બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. દિવસે ગરમી અને સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ.

સતત ઠંડીના આક્રમણ બાદ ચાર દિવસ અગાઉ ઠંડી અદ્રશ્ય થવાની સાથે મહત્તમ તાપમાન ઉંચકાયુ હતુ. જેના લીધે નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ અચાનક જ બદલાયો છે. ધીમે ધીમે ઠંડી ફરી પોતાની પક્કડ વાતાવરણ પર જમાવતા વહેલી સવારે અને સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળે છે. ગઈકાલે પણ ઠંડીનો પારો ૩ ડિગ્રી ગગડયો હતો.જયારે આજે પણ ઠંડીનો પારો સતત નીચે ઉતરતા સવારે પણ વાતાવરણમાં આકરી ઠંડી વર્તાઈ હતી. સાંજ ઢળતા જ શહેરમાં ઠંડીએ જોર પકડતા નગરના જનજીવન પર ઠંડીના ચમકારાથી સુનકાર પ્રવર્તયો હતો. જો કે બીજીતરફ લગ્નસરાની સિઝન પણ નિખરી હોવાથી શહેરમાં ઠંડીનો ચમકારો વધુ એકવાર નગરજનો માટે આકરો પુરવાર થવા તરફ છે. જો કે દિવસનુ તાપમાન ૩૨ ડિગ્રીની આસપાસ રહેતા નગરજનો દિવસે ઉનાળા જેવી ગરમી અનુભવી રહ્યા છે. આમ દિવસે ગરમી અને રાત્રિના ઠંડકના લીધે શહેરીજનો બેવડી ઋતુનો વિચિત્ર અહેસાસ કરી રહ્યા છે.

# શહેરમાં પાણી-ગટર વેરા વસુલાત ઝુંબેશ અન્વયે બીલ વિતરણ

## આગામી મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાશે : અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી ૨.૫૦ કરોડનો વેરો ઉઘરાવાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરાશે. આ માટે તંત્ર દ્વારા બીલ વહેંચણી માટે એજન્સીને કામ સોંપી દેવાયુ છે.જયારે ટુંકમાં જ બીલ વિતરણ કરવાની કામગીરી ચાલુ કરી દેવાશે. શહેરમાં ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી તંત્ર દ્વારા અંદાજિત રૂ ૨.૫૦ કરોડનો વેરો વસુલવા માટે એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરાશે. જો કે તંત્રના ચોપડે હજુ વર્ષો જુના બાકી માંગણા પેટે લાખોની ઉધારી છે.

ગાંધીનગર શહેરમાં પાણી ગટરની સુવિધા પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સરકાર સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે પ્રતિવર્ષ તોતિંગ ખર્ચ કરે છે. જયારે વધતી વસતી અને વિકાસને અનુલક્ષી પાણી ગટરની લાઈન અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ પાણી પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતા સેકટરોમાં પાણીની બુમ સમયાંતરે ઉઠતી રહે છે. પાણી ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા પ્રતિવર્ષ એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ વર્ષોના અંતે પણ પાણી ગટર વેરાની વસુલાતના અંતે પણ તંત્રના ચોપડે લાખોની ઉધારી છે. અલબત્ત વર્ષો જુના બાકીદારોની સંખ્યા વિશેષ છે. શહેરમાં પાણી ગટર વેરો નહીં ભરપાઈ કરનારા તેમજ બંધ મકાનોની સંખ્યાની સામે જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો થતો જાય છે. જો કે તંત્ર કક્ષાએથી અત્યાર સુધી નોટીસ આપવા સિવાય અન્ય કોઈ કડક કામગીરી કરવામાં આવી નથી. જેના લીધે આ બાકીદારોને ફાવતુ જડી ગયુ છે. આ વર્ષે પણ પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરવા માટે પણ તંત્ર દ્વારા બીલ વિતરણ શરૂ કરી દેવાશે. શહેરના જુના અને નવા સેકટરો સહીત શહેરી વિસ્તારના ગામો તેમજ જી આઈ ડી સી વિસ્તારમાંથી અંદાજિત રૂ ૨.૫૦ કરોડની વસુલાત માટે તંત્ર દ્વારા ટુંકમાં ઝુંબેશ હાથ ધરાશે. જયારે પાણી ગટર વેરાની વસુલાત માટે વિવિધ ચાર ઠેકાણે કાઉન્ટર કાર્યરત કરાશે.



તૂટેલા સાઈન બોર્ડ - એક તરફ ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવા તરફના પ્રયાસો થઈ રહ્યા છે... વિવિધ જગ્યાએ નવા સાઈન બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. જ્યારે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ સાઈન બોર્ડની હાલત તો જૂઓ કઈ તરફ જવું એ જ નક્કી કરી શકાય તેમ નથી... તંત્ર ક્યારેક આ તરફ ધ્યાન પણ આપે તો નાગરિકો અટવાય નહિ...

# પરીક્ષાને અનુલક્ષી ૨૭મી એ ખાસ બેઠક કેન્દ્ર સંચાલકોને જરૂરી સુચના અપાશે

## પરીક્ષા દરમિયાન પારદર્શકતા અને આનુસંગિક વ્યવસ્થાઓ જળવાઇ રહે તે માટે કેન્દ્ર સંચાલકો સાથે બેઠક યોજાશે

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં લેવાનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને આગામી તા ૨૭ ફેબ્રુઆરીના રોજ પરીક્ષા સમિતિની બેઠક યોજાશે. આ દરમિયાન પરીક્ષામાં પારદર્શકતા તેમજ આનુસંગિક વ્યવસ્થાઓ જળવાઈ રહે તે મુજબના આયોજનની ચોક્કસાઈ રાખવા સહીતના પરિબળો અંગે ચર્ચા વિચારણા તેમજ પરામર્શ કરાશે. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારી તેમજ કેન્દ્ર સંચાલકોની બેઠક પણ યોજાશે.

શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો-૧૦ ની પરીક્ષા આપશે જયારે વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આ જ દિવસથી શરૂ થશે. આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી તા ૨૭ ફેબ્રુઆરીના રોજ પરીક્ષાના આયોજનને વધુ સફળ બનાવવા માટે વિડીયો કોન્ફરન્સ યોજાશે. જયારે આ દરમિયાન બોર્ડના

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# માણસાની ૫૦ વર્ષીય મહિલા સ્વાઈન ફલુમાં સપડાઈ

## સ્ત્રી દર્દીઓની સંખ્યામાં થઈ રહેલ વધારાથી તંત્ર ચિંતીત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર વધતો જાય છે. આજે માણસાની એક ૫૦ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે માણસાના આ કેસ સાથે જિલ્લામાં આ સિઝનના કેસોની સંખ્યા ૨૪ પર પહોંચી છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્ર સ્ત્રી દર્દીઓની સંખ્યામાં થઈ રહેલ વધારાથી વધુ ચિંતીત બનેલ છે.હાલ જિલ્લામાં બેવડી ઋતુ જેવું વાતાવરણ જામેલું છે એક તરફ દિવસ દરમિયાન ગરમી અને સાંજે વાતાવરણમાં ઠંડક જામી જાય છે સ્વાઈન ફલુના કેસો આ વાતાવરણમાં વધી શકે તેવી શકયતાઓ પણ જોવાઈ રહી છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને પગલે આરોગ્ય તંત્ર પણ હવે સતર્ક બન્યું છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

જો કે રાજય સરકારના ચોપડે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો જિલ્લા તંત્ર કહે છે તેના કરતાં વધુ હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

માણસામાં મળી આવેલ દર્દીની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com